# અલગારી રખડપટ્ટી
## ..લંડનમાં..

--રસીક ઝવેરી

હું (લંડન) પહોંચ્યો તે દીવસે મોસમ ખુશનુમા હતી. મારા પલંગ પર ચાર બ્લેન્કેટ પાથરી ભાનુ(દીકરી)એ બીછાનું તૈયાર કરી રાખેલું. મેં કહ્યું, 'આટલા બધા બ્લેન્કેટને શું કરવા છે? એક બસ થશે. ઠંડી તો નથી લાગતી.' ભાનુ કહે 'લાગશે, રાત્રે જરુર પડશે.' મેં તો બ્લેન્કેટ સંકેલી મુક્યા અને મારી સાલ ઓઢીને સુતો. રાત સરકતી ગઈ એમ ટાઢ ઓરડામાં પેસતી ગઈ. હું ધીમે ધીમે એક પછી એક કામળો ઓઢતો ગયો. પરોઢ સુધીમાં તો સ્વેટર પણ પહેરી લેવું પડ્યું ! એ વરસની 'સમર' ખુબ ટાઢી રહી. રહ્યો ત્યાં લગી ઠંડી સારી એવી વરતાણી.

રાત્રે જ આનંદે(જમાઈ) કહ્યું, 'અમે બન્ને સવારે સાડા આઠે કામ પર લંડન પહોંચવા નીકળી જઈએ છીએ. સાંજે સાડા છએ છુટીશું. તમેયે કારમાં સાથે ચાલજો. આઠ વાગ્યે નાસ્તો પતાવી તૈયાર રહેવું પડશે.'

સવારે વહેલો ઉઠ્યો. મને વર્ષોથી ઠંડે પાણીએ જ નાહવાની ટેવ. લંડનમાં એ આદત પહેલે દીવસે જ છુટી ગઈ. નળમાંથી પાણી નીકળ્યું એ જાણે બરફપાણી જોઈ લ્યો. શરીર પર રેડ્યું ને આખે ડીલે ખાલી ચડી ગઈ. એ પછી શીતસ્નાનનો પ્રયોગ લંડનમાં ફરી કર્યો નથી.

મારી રાતની ઠંડીનો અનુભવ સાંભળી આનંદ કહે, 'ભાઈ, સૌથી પહેલું કામ તમારે માટે ગરમ કપડાં ખરીદવાનું, મારાં સુટ અને પુલોવર તમે પહેરી જુઓ. જો આવી રહે તો આજ પુરતું કામ ચાલે.' પાંચ વરસમાં આનંદે ઠીકઠીક ગજું કરેલું એટલે એનાં કપડાં મને ઢીલાં પડ્યાં. એ કહે, ' મારા આગળના સુટ એમને એમ પડ્યા છે, એ કદાચ તમને ફાવે.' અને મને એ ફાવ્યા. એટલે નવાં કપડાં ખરીદવાનો વીચાર જ મેં મોકુફ રખાવ્યો . કારણ કે એ કપડાં એટલાં ગરમ કે પછી મુંબઈ માટે સાવ નકામાં. અંગ્રેજો ઘરઆંગણે ટાઈ શું કામ પહેરે છે એ મને ત્યાંની ઠંડીમાં ત્યારે જ સમજાયું. અને મુંબઈમાં ફેશનપરસ્તો ટાઈ શા માટે પહેરે છે તે હજી નથી સમજાતું !

ગરમ કપડાંમાં સજ્જ થઈ, શાવરપ્રુફ ઓવરકોટ સાથે રાખીને નીકળ્યા લંડન જવા. ત્યાં પહોંચ્યા સવાનવે. બંને જણ ઑક્સફર્ડ સ્ટ્રીટમાં કામ કરે. મને આનંદે ત્યાં બી. એન્ડ એચ. (બોર્ન એન્ડ હોલીંગવર્થ)ના પ્રખ્યાત સ્ટોર પાસે ઉતાર્યો. લંડનનો નકશો આપી ભાનુ કહે, 'ભાઈ, જ્યાં હો ત્યાંથી બરાબર એક વાગ્યે અહીં, આ સ્ટોર પાસે આવી રહેજો. આપણે લંચ લેવા સાથે જઈશું, ત્યાં સુધી અહીંથી પીકેડેલી લગણ ફરો અને બધું જુઓ. પગપાળા ફરવાથી જ લંડન જોવાની ખરી મઝા પડશે. ધેટ ઈઝ ધ બેસ્ટ વે ટુ સી લંડન ! ભુલા પડો તો અહીંના કોઈ પણ પોલીસને પુછજો. એ બધું સમજાવશે. આ બી. એન્ડ એચ. સ્ટોર બહુ જાણીતો છે. જ્યાં હો ત્યાંથી બરાબર એક વાગ્યે અહીં આવી મળજો.' લંડનમાં તમારી કાર હોય તો પણ ગાડી પાર્ક કરવાની મુસીબત ભારેની. સારે નસીબે આનંદની ઑફીસ તરફથી એ માટેની પોતીકી વ્યવસ્થા હતી. લંડન પગપાળા જોવાનો ઉત્તમ માર્ગ ચીંધી દીકરી-જમાઈ તો ઉપડી ગયાં પોતપોતાને કામે અને એમની શીખામણ માની મેં માંડ્યું હેંડવા.

ઑક્સફર્ડ સ્ટ્રીટ એટલે લંડનનું મોટામાં મોટું 'શૉપીંગ સેન્ટર'. દુકાનોની કતાર લાગી ગઈ છે ત્યાં. હારબંધ કાચમઢી 'શો-વીન્ડો'માં તરેહવાર ચીજો આકર્ષક રીતે સજાવેલી. જોતાં આંખ અને અંતર ધરાય જ નહીં. હું તો ઑક્સફર્ડ સ્ટ્રીટ, રીજંટ સ્ટ્રીટ, બોન્ડ સ્ટ્રીટ વટાવતાં પહોંચી ગયો ઠેઠ પીકેડેલી સુધી. ઠંડી સારી હતી; પણ ઓવરકોટ ચડાવેલો અટલે વસમું નહોતું લાગતું. ઉલટી તાજગી વરતાતી હતી. આટલી પદયાત્રામાં 'વીન્ડો-શૉપીંગ' કરતાં કરતાં સમય ક્યાં ઓસરી ગયો તેનો ખ્યાલ ન રહ્યો. ઘડીયાળમાં જોઉં તો સાડાબાર થયેલા. એક વાગ્યે તો ગમે તે રીતે ઑક્સફર્ડ સ્ટ્રીટ

પહોંચવાનું હતું. બસના રુટની ચોક્કસ માહીતી નહીં. લંડનનો નકશો ઉકેલીને જોયું તો ઑક્સફર્ડ સ્ટ્રીટ પીકેડેલીથી કંઈ બહુ દુર ન લાગી.

મેં એક પોલીસદાદાનું શરણ શોધ્યું. નેવીબ્લ્યુ યુનીફોર્મ અને માથે મોટો લોખંડી ટોપો ચડાવેલો, ઠાવકો, વીનયવીવેકી, મોં ઉંચું કરીને વાત કરવી પડે એટલો-પુરા સવા છ ફુટ ઉંચો, કદાવર.

એવી કહેતી છે કે લંડનનો પોલીસ એટલે એ શહેર પુરતો 'સર્વજ્ઞ'. તમે કોઈ ગુનો કર્યો હોય તો એના જેવો તમારો કોઈ દુશ્મન નહીં; અને જો તમે કશી ભીડમાં હો તો એના જેવો મદદગાર મીત્ર દુનીયાભરમાં શોધ્યો ન જડે. એનું લાડકું નામ 'બોબી'. યુરોપયાત્રા દરમીયાન એનો જોટો બીજે ક્યાંય ન ભાળ્યો.

મેં અને કહ્યું, 'ઍક્સ્ક્યુઝ મી, ઑફીસર ! મારે ઑક્સફર્ડ સ્ક્વેરમાં બી. એન્ડ એચ. સ્ટોર પાસે જવું છે. પ્લીઝ, મને રસ્તો ચીંધશો?'

એ કહે, 'આઈ એમ સૉરી, સર ! પણ તમારી કંઈક સમજફેર લાગે છે. અહીં, ઑક્સફર્ડ સ્ક્વેર જેવી કોઈ જગ્યા નથી. અને બી. એન્ડ એચ. નામનો કોઈ જાણીતો સ્ટોર નથી. કદાચ તમે ઑક્સ્ફર્ડ સ્ટ્રીટમાં બી. એન્ડ એચ. સ્ટોર પાસે જવા ઈચ્છતા હશો.'

ખરે જ, નામ કહેવામાં ભાંગરો વટાઈ ગયેલો. મેં કહ્યું, 'બરાબર છે. મારી જ ભુલ. હવે ત્યાં કેમ પહોંચવું તે ચીંધો.'

એ તો રેતીની ભઠ્ઠીમાં ધાણી ફુટે તેમ માંડ્યો ફટાફટ બોલવા, 'ગો સ્ટ્રેટ, ફર્સ્ટ ટ્રાફીક લાઈટ, ટર્ન ટુ રાઈટ, ધેન સેકન્ડ લેફ્ટ, ધેન…'

એક તો બોલે મીનીટના સો શબ્દની ઝડપે અને એમાં એના ગામઠી ઉચ્ચાર મને ઉકલે નહીં. એક હરફ સમજ્યો હોઉં તો ખુદાકસમ ! હું તો મોં વકાસીને સાંભળી રહ્યો. પોપટવાણી પુરી કરી એણે પુછ્યું, 'સમજ્યા? ઈઝ ઈટ ક્લીયર, સર ?' પણ સર કંઈ સમજ્યા હોય તો બોલે ને ! કોઈ શુદ્ધ ગુજરાતી જાણનાર અંગ્રેજને આપણે કહીએ, 'પે'લા જમણી ગમ, પછી ડાબી ગમ ને પછી નાકની દાંડીએ સીધોસટ હાલ્યો જજે, ને ન્યાંકણે પાછો ડાબી ગમ વળજે.' અને એ કંઈ ન સમજે, એના જેવો મારો ઘાટ હતો.

મેં વીચાર્યું, જો શરમાશરમીમાં હા ભણી તો બાર વાગી જશે. એટલે એને સરળતાથી સમજાવ્યું, 'ભલા ભાઈ ! તું બોલ્યો એમાંનો હરફ હું સમજ્યો નથી. અને સમજ્યો હોત તોયે તું એટલી ઝડપથી બોલ્યો કે મને કશું યાદ ન રહેત. લંડનમાં આ મારો પહેલો દીવસ છે. હું રસ્તાનો સાવ અજાણ્યો છું.'

એ કહે, 'તમારી મુશ્કેલી હું સમજી શકું છું.' પછી એક કાગળ ઉપર નકશો દોરી, કેમ ક્યાં પહોંચવું તે બતાવ્યું. ' હવે તો સમજ્યા ને ?'

મેં કહ્યું, 'નકશો તો મારી પાસેય છે; પણ નકશો જોઈ ઝડપથી રસ્તો ખોળવાની ફાવટ હજી મને નથી. મારે બરાબર એક વાગ્યે આ મુકામે પહોંચવું જ જોઈએ. લંચ માટે મારી દીકરી ત્યાં આગળ મારી રાહ જોવાની છે. હું નહીં પહોંચું તો એ ફીકર કરશે.'

એ હસી પડ્યો. પછી ચુપચાપ મારું બાવડું પકડી મંડ્યો મારી ભેળો ચાલવા. ચાલે એટલો ઝડપથી કે મારે એની પાછળ ઢસડાવું પડે. પંદરેક મીનીટ મને આમ દોરી અંતે એ થોભ્યો. કહે, ' જુઓ, આ છે ઑક્સ્ફર્ડ સ્ટ્રીટ, સામે દેખાય તે છે બી. એન્ડ એચ. સ્ટોર અને પેલા થાંભલા પાસે સાડી પહેરેલાં તમારાં દીકરી જ રાહ જોતાં લાગે છે. હવે તો મુશ્કેલી નથી ને !'

લંડનની પોલીસ સાથેના બીજાયે બેત્રણ હૈયે વસી ગયેલા પ્રસંગો અહીં જ ઉમેરી લઉં.

એક દીવસ ખુબ ઘેરું ધુમ્મસ-સ્મોગ છવાઈ ગયેલું. રસ્તાની કે દીશાની ગમ ના પડે એટલો અંધકાર, મેં માંડ કરીને એક પોલીસને ફુટપાથ પર ખોળી કાઢ્યો અને કહ્યું, ' ઑફીસર, મને કંઈ સ્પષ્ટ દેખાતું નથી, તમે મને રસ્તો ક્રોસ કરવામાં સહાય કરશો ?' એ કહે,'સર, ડુ યુ થીંક, આઈ કેન સી

એનીથીંગ ?' મનેયે કશું દેખાતું નથી; પણ ચાલો, આપણે સાથે મળીને મુસીબતનો સામનો કરીએ. 'લેટ અસ ફેઈસ ધ ક્રાઈસીસ ટુગેધર !'

પછી ખુબ સ્વસ્થતાથી અને સહૃદયતાથી એણે મારો હાથ પકડી મને સામી ફુટપાથ પર પહોંચાડ્યો. વાટમાં એ બોલ્યો, 'ઓન્લી એ બ્લાઈન્ડ મેન કેન સી ઈન ધીસ સ્મોગ.' આવા અંધારામાં તો આંધળો માણસ જ સ્વસ્થતાથી રસ્તો શોધી શકે. એ આટલું બોલ્યો અને એક ચોટદાર કથાવસ્તુ મારા અંતરમાં ગોઠવાઈ ગયું; જેમાંથી પછી 'એક અંધારી રાત'ની અંધ-ભોમીયાની સરસ ટુંકી વાર્તા લખાઈ.

ભાનુએ વાતવાતમાં કહેલું, 'ભાઈ, જો કોઈ અણધારી ભીડ પડે તો પોલીસ તમને એક પાઉન્ડ સુધીની રોકડ સહાય પણ કરશે. એની એ ફરજ ગણાય.' એક વાર ખાતરી કરવા એક 'બોબી'ને કહ્યું, 'મારું પાકીટ ઘરે ભુલી ગયો છું અથવા ક્યાંક પડી ગયું લાગે છે. મારી દીકરીએ કહ્યું છે કે સંકટમાં તમે મને રોકડ મદદ પણ કરશો; એટલે પુછું કે એ વાત ખરી છે ?'

એ કહે, 'અલબત્ત ખરી છે. પણ દુર્ભાગ્યે મારી પાસે રોકડ રકમ કંઈ છે જ નહીં. તમે થોભો તો હું ક્યાંકથી લાવી આપું.' પછી એ કોઈ સ્ટોરમાંથી એક પાઉન્ડ લઈ આવ્યો ને મને આપ્યો. કહે, 'ગમે તે પોલીસથાણે કાલે મારા નંબર સાથે પહોંચાડશો તો ચાલશે.'

મેં એને મારું કાર્ડ આપ્યું. સરનામું વાંચીને કહે, 'જો તમારે બારનેટ પહોંચવું હોય તો થોડી વાર પછી અમારી પેટ્રોલ કાર એ તરફ જવાની જ છે એ તમને ત્યાં પહોંચાડી દેશે.' મારે તો ભાનુએ કહેલી વાતની ફક્ત ખાતરી જ કરવી હતી, એટલે મેં એને પૈસા પાછા આપ્યા અને પોલીસવાનમાં બારનેટ ગયો.

વળી એક વાર એક ખંધા ટેક્સીવાળા સાથે પનારો પડ્યો. મારે ખુબ ઉતાવળે 'ઈન્ડીયા હાઉસ' પહોંચવું હતું એટલે ટોટનહામ કોર્ટ રોડથી ટેક્સી લીધી. 'ઈન્ડીયા હાઉસ' પહોંચી મીટર જોયું તો આઠ શીલીંગ ! મારી ધારણા પ્રમાણે એટલું થવું ના જોઈએ. હું સમસમી ગયો. ત્યાં એક પોલીસ ઉભો હતો એને વાત કરી પુછ્યું, 'ટોટનહામ કોર્ટ રોડથી અહીં સુધીના આઠ શીલીંગ થાય?' એ કહે, 'ના થાય.' એણે પેલા ટેક્સીવાળાને દબડાવ્યો. પછી મને કહે, 'ચાર શીલીંગ આપો અને ટીપ ન આપતા. એ તમને આડેઅવળે રસ્તે લઈ આવ્યો લાગે છે. ટેક્સીવાળાએ ચુપચાપ પૈસા લઈ ચાલતી પકડી.

--રસીક ઝવેરી

**સ્વ. રસીક ઝવેરી**ના લંડનના પ્રવાસ-વર્ણનના પુસ્તક **'અલગારી રખડપટ્ટી'**ના પાન ૨૬થી ૩૧ ઉપરથી સાભાર....(**પ્રકાશક :** નવભારત સાહીત્ય મંદીર, -દેરાસર પાસે, ગાંધી રોડ, **અમદાવાદ-૩૮૦ ૦૦૧, ઈ-મેઈલ :** info@navbharatonline.com **પૃષ્ઠ :** ૧૨૪, **મુલ્ય :** ૬૬ રુપીયા)

**પ્રથમ પ્રકાશન વર્ષ :** ૧૯૬૯..પછી તેની કુલ તેર આવૃત્તી થઈ..! આજે તો લાખ્ખો ગુજરાતી પરીવારોએ લંડન જોયું પણ હશે; પણ આજથી ચાર દાયકા પર પ્રકાશીત થયેલા આ પુસ્તકે લાખો વાચકોને ઘરબેઠે લંડનની તાદશ મુસાફરી, રમતીયાળ અને રોચક શૈલીમાં મસ્તના ભાવે રોમાંચીત રાખે તે રીતે કરાવેલી. ૧૯૬૮થી દર શનીવારે **'મુંબઈ સમાચાર'**માં શરુ થયેલ આ ધારાવાહીક પ્રવાસકથાએ લાખો ગુજરાતી વાચકોને જકડી રાખેલા. આજે તો વીદેશ પ્રવાસ-વર્ણનનાં સેંકડો પુસ્તકો ગુજરાતીમાં ઉપલબ્ધ છે; પણ આ પુસ્તક જેવી મોહીની જવલ્લેજ કોઈ જગાવી શક્યું હોય..'ગુજરાતીમાં પ્રવાસ-વર્ણનો પ્રમાણમાં ઓછાં છે' એવું કાકાસાહેબનું મહેણું આ પુસ્તકે કંઈક અંશે ટાળ્યું અને કાકાસાહેબે જ રસીકભાઈને લખ્યું : 'તમારી નીખાલસ સરળ શૈલી તો મને ખુબ ગમી. કથા કહેવાની છટા મનને સ્પર્શી ગઈ.' સુરેશ દલાલકહે, 'ગદ્યમાં તમે જાણે 'કવીતા' લખી છે.' ....

**સ્વ. રસીક ઝવેરી : પરીચય**

◆**જન્મ :** ૨૪ ઑક્ટોબર ૧૯૧૧ ◆**અવસાન :** ૧૨ ઑક્ટોબર ૧૯૭૨

◆ ૧૯૧૮થી ૧૯૫૦ ઝવેરાતનો ધંધો ◆ ૧૯૫૧ પછી 'ગ્રંથાગાર' પ્રવર્તક પુસ્તકાલય શરુ કર્યું. 'ગ્રંથાગાર' માસીકનું પ્રકાશન. 'અખંડ આનંદ' અને 'સમર્પણ'ના તંત્રી વીભાગમાં કામ કર્યું.

◆ 'ભારતીય વીદ્યાભવન'ના નાટ્ય વીભાગ, 'કલા-કેન્દ્ર'ના પ્રચાર અધીકારી તરીકે ત્રણ વર્ષ.

◆ ૧૯૬૫-૬૮ એમ બે વાર લંડનનો પ્રવાસ કરી દોઢેક વરસ ત્યાં રહ્યા. ૧૯૬૯માં **'અલગારી રખડપટ્ટી'** અને ૧૯૭૦માં **'સફરનાં સંભારણાં'** એમ બે પુસ્તકો બાદ 'મુંબઈ સમાચાર'માં વાચકોની જબ્બર લોકચાહના મેળવનાર એમની કટાર **'દીલની વાતો'**નાં ત્રણ પુસ્તકો તેમણે આપ્યાં.

--ઉત્તમ ગજ્જર (સુરત) અને બળવંત પટેલ (ગાંધીનગર)

◆●◆

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : uttamgajjar@hotmail.com

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **112** -- **July 29, 2007**

◆●◆

શુક્રવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે લૅક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણ પછી **3,85,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com લૅક્સીકૉનની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લૅક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના **5800** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/index.php?action=downloadSeM

પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

◆●◆

મુસાફરી એક નીશાળ છે, અને મુસાફર એક નીશાળીયા મીસાલ છે. પૃથ્વીના પ્રવાસીને પોતાની સફર દરમીયાન એટલું બધું શીખવાનું મળે છે અને તે એટલું મનોરંજક હોય છે કે પોતાનું દુખ ભુલી જાય છે અને પોતાના એ મધુરસ કામમાં વધારે અને વધારે આગળ વધતો અને નવું નવું શીખવાની હોંશ કરતો રહે છે. જ્યારે હું મારે પહેલે પ્રવાસે નીકળ્યો ત્યારે હું દુખી હતો. માતાપીતાના વીયોગથી મારું મન ઉચટ હતું; પણ પ્રવાસથી મને દુનીયાના કારોબારનું એટલું જ્ઞાન થયું અને સાથે દેશપરદેશનાં શહેરો જોવાનું અને દેખાવો અનુભવવાનું એટલું બધું મળ્યું કે મારું દુખ કેટલેક દરજ્જે હું ભુલી જ ગયો અને દુનીયામાં અવતર્યા તો સુખની જોડે દુખ જોડાયેલું જ હોય છે એવું ભાન થવાથી મારું મન હળવું થયું અને બીજો પ્રવાસ કરવાનું મને સુઝ પડ્યું.....

**આજે ૧૯૬૯.**

ઉપલું લખાણ મારું નથી. શરુઆતમાં અને અંતમાં તે મેં અવતરણ ચીહ્નોમાં મુક્યું નથી. મુકત તો તમે કદાચ ઉતારો છે એમ ગણી ન વાંચત. પણ હવે વાંચ્યું જ છે, એટલે જણાવું છું. એના લેખક છે હાજી સુલેમાન શાહ મહમ્મદ. ૧૮૮૬માં સૌથી પહેલો પ્રવાસ કરેલો. જન્મ ૧૮૫૯માં. દોઢ વરસની ઉંમરે મોરીસ-મોરીશ્યસ ગયેલા. પાછા આવેલા. વીસની ઉંમર પહેલાં મા તથા પીતાનું અવસાન થયેલું. ગરીબી ખરી. વેપારનાં ઠેકાણાં નહીં; છતાં મુંબઈથી લંડન નહીં પણ બરમા, એડન, આફ્રીકા, ટર્કી, યુરોપ, ઉત્તર અમેરીકા, જાપાન, ઑસ્ટ્રેલીયા…એમ બે વાર પૃથ્વીની પ્રદક્ષીણા કરી અને ચીત્રો સાથે છસોસાતસો પાનાંનું દળદાર પુસ્તક **'પૃથ્વીની પ્રદક્ષીણા'** નામે ૧૮૯૫માં છપાવી પ્રસીદ્ધ કર્યું મુંનઈના 'આશકરા ઓઈલ ઈનજીન પ્રેસ'માં એદલજી માણેકજી વાચ્છાએ તે છાપ્યું. પુસ્તક એમણે 'અંજુમને ઈસ્લામ'ને ભેટ આપ્યું છે…

--ચંન્દ્રવદન મહેતા

'અલગારી રખડપટ્ટી'ની પ્રસ્તાવના 'પ્રવાસનાં પુસ્તકો' માંથી….સાભાર…


'નીખાલસતાનું લાવણ્ય, ખોટી શહાદતનો અભાવ, હૃદયના સાચા રસની પ્રતીતી… આ સર્વ કારણોને લઈને પુસ્તક મનોરંજન તો કરે જ છે; પણ અંતઃકરણનેય સ્પર્શે છે અને રસે છે.

--કીશનસીંહ ચાવડા

'એક વાર હાથમાં લીધું તે હેઠે મુકવાનું મન ના થાય'- એવું જાહેરખબરીયા વાક્ય અહીં સો ટકા સાચા અર્થમાં વાપરતાં પણ પુરો સંતોષ નથી. --પ્રા. રમણ પાઠક 'વાચસ્પતી'

'જાણે તમારે મોંએ લંડનનાં સંસ્મરણો રુબરુ સાંભળતાં હોઈએ એવી તમારી શૈલીની મીઠાશ છે. --ઈશ્વર પેટલીકર

## • મધુરેણ સમાપયેત્ •




પહેલાં 'જોજે…જોજે!' કરતી'તી..હવે નવું શીખી..'લઈ લે…લઈ લે' કરે છે.
'રેડ લાઈટ'માં લેવડાવી ને! લે લેતી જા..તારો 'મામો' ટીકીટ આપે છે હવે!


પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ **શ્રી. મહેન્દ્રભાઈ શાહ**નો

ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com

એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની

**web site** : www.ameamericanamdavadi.com




◆●◆ ◆●◆ ◆●◆